# આનંદાલય

## અર્ધવાર્ષિક મૂલ્યાંકન કસોટી

## ધોરણ – ૮

विद्या सर्वार्थ साधिका

**વિષય : ગુજરાતી** | **કુલ ગુણ : 30**

**તા: ૧૨.૦૯.૨૦૨૪** | **સમય : ૧ કલાક 30 મિનિટ**

**પ્રશ્ન:૧ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો. ૧×૪=૪**

૧ શબરી ક્યાં રહેતી હતી ?

ક) દરિયા કાંઠે ખ) નદી કાંઠે ગ) સરોવર કાંઠે ઘ) તળાવ કાંઠે

૨ સફળતા મેળવવા માટે સૌથી વધુ જરૂરી શું છે ?

ક) આત્મસન્માન ખ) આત્મવિશ્વાસ ગ) આત્મરક્ષા ઘ) આત્મશાંતિ

3 વાઘ માણસને ખાવા જાય છે ત્યાં ફરતું ફરતું કોણ આવ્યું ?

ક) કૂતરો ખ) હાથી ગ) સિંહ ઘ) શિયાળ

૪ કબડ્ડી કયા દેશની રાષ્ટ્રીય રમત છે ?

ક) ભારત ખ) બાંગ્લાદેશ ગ) પાકિસ્તાન ઘ) નેપાળ

**પ્રશ્ન:૨ નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં લખો. ૧×૫=૫**

૧ શબરીનાં અંતરમાં કઈ ઈચ્છા રહેલી છે ?

૨ મુસીબતના સમયે શું કરવું જોઈએ ? મનુષ્યનું પ્રાણી પ્રત્યેનું વર્તન' પાઠના આધારે લખો.

3 માણસો મનોચિકિત્સક પાસે શા માટે જતા હતા ?

૪ શબરીને લોકો શું કહે છે ? કેમ ?

૫ કબડ્ડીની રમત ક્યાં રમી શકાય છે ?

**પ્રશ્ન:3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો. ૨×૫=૧૦**

૧ કબડ્ડીની રમત રમવાથી કયા કયા ફાયદા થાય છે ?

૨ ભગવાન રામના દર્શન થતા શબરીના શા હાલ થયા ?

3 મનોચિકિત્સક પાસે કોણ આવ્યું ? તેણે મનોચિકિત્સકને શું કહ્યું

૪ વાઘ કેવી રીતે ફરીથી પીંજરામાં પુરાયો ?

૫ કબડ્ડીની રમતમાં કયા નિયમો પાળવા ફરજીયાત હોય છે ?

**પ્રશ્ન:૪ સુચના મુજબ લખો**

**(અ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. ૧×3=3**

૧) જંગલ ૨) શરીર 3) ભાગ્ય

**(બ) નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો.** **૧×3=3**

૧) ચતૂરાઈ ૨) પૂરસ્કાર 3) જ્યોતી

**પ્રશ્નઃ૫ નીચે આપેલ ગદ્યાંશ વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **૧×૫=૫**

એક વખત એક રાજા હતો. તેના રાજ્યમાં બધું સારું ચાલી રહ્યું હતું. તે રાજાએ પોતાની સેના વધારવા માટે ખૂબ મહેનત કરી હતી. તલવારબાજી, રાજનીતિ આ ગુણો બધા રાજાઓમાં હોય છે, પરંતુ આ રાજાને આ સિવાય બીજો શોખ હતો તે ગાલીચા વણાટ હતો. આ ગુણ દરેક રાજામાં જોવા મળતો નથી. રાજાનું આ કામ ખૂબ ગમ્યું. પણ સાથે સાથે એવું પણ કહેવામાં આવ્યું કે આ કામ રાજાને લાયક નથી.

એક સમયે રાજા પોતાના સૈનિકો સાથે જંગલમાં શિકાર કરવા ગયો હતો. ત્યાં તે અચાનક તેના સૈનિકોથી અલગ થઈ ગયો. રાજાને એકલા જોઈને ત્યાંના ડાકુઓએ તેના પર હુમલો કર્યો અને તેને બંદી બનાવી લીધો. રાજા પાસેથી કશું ન મળવાના કારણે ડાકુઓએ રાજાને મારી નાખવાનું નક્કી કર્યું. આના પર રાજા ને એક યુક્તિ સૂઝી રાજાએ ડાકુઓને કહ્યું કે જો તમે મારા માટે ગાલીચા વણાટ લાવો, તો હું તમને આ રાજ્યના રાજા પાસેથી સો સોનાના સિક્કા અપાવીશ.

લૂંટારાઓ આ માટે માની ગયા. ગાલીચા વણાટની સામગ્રી રાજાને આપવામાં આવી હતી. રાજાએ ગાલીચા વણાટનું કામ શરૂ કર્યું. જ્યારે આ ગાલીચા સંપૂર્ણપણે વણાઈ ગયા હતા, ત્યારે તેને રાજભવન મોકલવામાં આવ્યા હતા. ત્યાં રાણીએ આ ગાલીચા જોયા બાદ રાજાનું કામ ઓળખી લીધું અને તેમાં લખેલ રાજાનો સંદેશ વાંચ્યો. રાજભવનમાં આવેલા ડાકુઓ પકડાઈ ગયા અને રાજાને જંગલમાંથી છોડાવવામાં આવ્યા.રાજાના પોતાના હાથની આ કુશળતાએ રાજાનો જીવ બચાવ્યો.

૧ રાજા સૈનિકો સાથે જંગલમાં શિકાર કરવા ગયા ત્યારે શું થયું ?

૨ રાજાને એકલા જોઇને ડાકુઓએ તેમની ઉપર શું કર્યું ?

3 રાજા શા માટે ખુબ જ મહેનત કરતા હતા ?

૪ રાજામાં કયા કયા ગુણો હતા તે જણાવો.

૫ આ ગદ્યાંશમાંથી શું શીખ મળે છે તે તમારા શબ્દોમાં લખો.